**(1) ન્યુ કેલેડોનીયા (Caledonia) નામના વિસ્તાર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ વિસ્તારની શોધ 1545માં પોર્ટુગલના એક નાવીકે કરી હતી.
(2) વર્તમાન સમયે આ વિસ્તાર ફ્રાંસના શાસન હેઠળ છે.
(3) આ વિસ્તાર વિશ્વના કુલ નિકલના સ્ત્રોત પૈકી 10% સ્ત્રોત ધરાવે છે.
(4) આ વિસ્તાર દક્ષિણ પેસિફિક સમુદ્રમાં આવેલો છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (2)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ન્યુ કેલેડોનીયા નામની ફ્રેંચ ટેરીટરી (ફ્રાંસના શાસન હેઠળનો વિસ્તાર)માં રેફરન્ડમ કરવામાં આવ્યું હતું. આ રેફરન્ડમમાં લોકોએ ફ્રાંસથી આઝાદી ન મેળવવા માટે મતદાન કર્યું હતું. અર્થાત્ આ વિસ્તાર ફ્રાંસ સાથે જ જોડાયેલો રહેશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વિસ્તાર ઓસ્ટ્રેલિયાથી થોડે દૂર દક્ષિણ પેસિફિક સમુદ્રમાં આવેલો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ વિસ્તારની શોધ 1774માં બ્રિટીશ નાવીક જેમ્સ કુક દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ 1853માં ફ્રાંસે તેના પર કબ્જો મેળવ્યો હતો અને 1946માં આ વિસ્તારને ફ્રાંસના બહારી વિસ્તાર (Overseas French Territory) તરીકેનો દરજ્જો મળ્યો હતો.

⇛ આ વિસ્તાર વિશ્વના કુલ નિકલના સ્ત્રોત પૈકી 10% સ્ત્રોત ધરાવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'Xoo' ચેપ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) Xooનું પૂરું નામ Xanthomonas Oryzae Pv. Oryzae છે.

(2) તે એક પ્રકારનો બેક્ટેરીયા છે.

(3) તેના દ્વારા ચોખાના પાકમાં બ્લાઈટ (Blight) નામનો ચેપ પ્રસરે છે.

(4) તેના દ્વારા વિશ્વભરમાં ચોખાની ખેતીના ઉત્પાદનમાં ઘટાડો આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ **CPMB** (સેન્ટર ફોર પ્લાનટ મોલેક્યુલર બાયોલોજી)ના વૈજ્ઞાનિકોએ **Xoo** નામનો બેક્ટેરીયા કેવી રીતે ચોખાના પાકમાં પ્રસરણ પામી તેને ચેપગ્રસ્ત કરે છે તેની પ્રક્રિયા શોધી છે. (આથી, વિજ્ઞાન **(2)** સાચું છે.)

⇛ અહીં **Xoo**નું પૂરું નામ **Xanthomonas oryzae Pv. Oryzae** છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ તેના દ્વારા ચોખાના પાકમાં ગંભીર ગણાતો બ્લાઈટ રોગ પ્રસરે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આ ચેપ દ્વારા વિશ્વના દરેક ચોખાના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ આ બેક્ટેરીયા પવન દ્વારા પણ પ્રસરી શકે છે.

⇛ ચોખા સિવાયના અન્ય કેટલાંક પાકમાં પણ તે ફેલાય શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન સોસાયટી (STS) ફોરમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ફોરમ દર વર્ષે જાપાનમાં યોજાય છે.

(2) ફોરમની શરૂઆત વર્ષ 1992થી થઈ હતી.

(3) આ ફોરમનો હેતુ અનઔપચારીક ધોરણે મુકત વાતચીત માટેનું એક નવું મિકેનીઝમ પ્રદાન કરવાનો છે.

(4) આ વર્ષે યોજાયેલી ફોરમમાં આશરે 50 દેશોના વિજ્ઞાન–ટેક્નોલોજીના વડાંઓએ ભાગ લીધો હતો.

(A) માત્ર (1)   (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)   (D) માત્ર (3)

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ તાજેતરમાં STS ફોરમની 17મી વાર્ષિક પરિષદનું આયોજન થયું હતું. આ ફોરમની સાથે સાયન્સ એન્ડ ટેક્નોલોજી મિનિસ્ટર્સ રાઉન્ડટેબલનું આયોજન પણ દર વર્ષે થાય છે.

⇒ આ વર્ષે યોજાયેલી ફોરમમાં આશરે 50 દેશોના વિજ્ઞાન–ટેક્નોલોજી વડાંઓએ ભાગ લીધો હતો. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ STS ફોરમની શરૂઆત વર્ષ 2004થી થઈ હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ આ ફોરમનું આયોજન દર વર્ષે ઓક્ટોબર મહિનાના પ્રથમ રવિવારે જાપાનના ક્યોટો શહેરમાં થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ ફોરમના હેતુઓ :

- અનઔપચારીક ધોરણે મુકત વાતચીત માટેનું નવું મિકેનીઝમ પ્રદાન કરવું. (આથી, વિધાન (3) સાચું છે.)
- એક એવા માનવ નેટવર્કની રચના કરવી જે નવી પ્રકારની સમસ્યાઓનો સમયસર ઉકેલ લાવી શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) SMART નામના શસ્ત્ર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) ભારતીય નૌ સેનાએ આ શસ્ત્રનું તાજેતરમાં સફળ પરીક્ષણ કરેલું છે.

(2) SMARTનું પૂરું નામ Supersonic Missile Assisted Release of Torpedo છે.

(3) તે વિશ્વની સૌથી ઝડપી એન્ટી–સબમરીન વોરફેર (ASW) મિસાઈલ છે.

(4) આ મિસાઈલની રેંજ 650km છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (2)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતમાં DRDO દ્વારા SMART શસ્ત્રનું સફળ પરીક્ષણ કરવામાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ અહીં SMARTનું પૂરું નામ Supersonic Missile Assisted Release of Torpedo છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ટોર્પીડોથી દૂરની રેંજના એન્ટી–સબમરીન યુદ્ધ માટે તેને વિકસવવામાં આવી છે.

⇛ તે વિશ્વની સૌથી ઝડપી એન્ટી–સબમરીન મિસાઈલ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેનો વિકાસ DRDO દ્વારા કરવામાં આવ્યો છે.

⇛ તેની રેંજ 650 kMની છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) વિશ્વ રહેઠાણ દિવસ (World Habitat Day) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ દિવસ દર વર્ષે 6 ઓકટોબરના રોજ ઊજવવામાં આવે છે.

(2) આ વર્ષે આ દિવસની થીમ 'હાઉસીંગ ફોર રેફ્યુજીસ' છે.

(3) આ દિવસ ઊજવવાની શરૂઆત 1986થી થઈ હતી.

(4) આ દિવસ માણસના મૂળભૂત અધિકારને ઓળખ આપવા માટે ઊજવવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ વિશ્વમાં દર વર્ષે ઓકટોબર મહિનાના પ્રથમ સોમવારે વિશ્વ રહેઠાણ દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ વર્ષે આ દિવસની થીમ 'હાઉસીંગ ફોર ઓલ–અ બેટર ફ્યુચર' છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ દિવસ ઊજવવાની શરૂઆત 1986થી થઈ હતી. 1986માં નૈરોબીમાં આ દિવસ ઊજવવામાં આવ્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પર્યાપ્ત છત્ર (Shelter) એ માનવીનો મૂળભૂત અધિકાર છે. આથી, આ મૂળભૂત અધિકારને ઓળખ આપવા માટે આ દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વિશ્વમાં 180 કરોડ લોકો સ્લમ વિસ્તારમાં રહે છે અને આશરે 300 કરોડ લોકો પાસે આધારભૂત એવી હાથ ધોવા માટેની સગવડ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT